ખુનની કોશીષના ગુનામાં પેરોલ રજા મેળવી, પેરોલ રજા પરથી ફરાર થયેલ આરોપીને ઝડપી પાડતી, સુરત ક્રાઈમ બ્રાંચ.

**સુરત શહેર વિસ્તારમાંગંભીર ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓ તેમજ જેલમાંથી પેરોલ રજા, ફર્લો રજા, વચગાળા જામીન મેળવી ફરાર થયેલ હોય તેવા રીઢા ગુનેગારોને પકડી પાડવા પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેરોલ ફર્લો સ્કોડના હે.કો. શૈલેષ રાધેબીહારી તથા હે.કો. મનોજ તુકારામ નાઓને મળેલ બાતમી હકીકત આધારે ડિંડોલી ખરવાસા રોડ મધુરમ સર્કલ પાસે જાહેર રોડ પરથી આરોપી : રાહુલ ઉર્ફે સેન્ડી s/o ઉદયચંદ ઝા ઉ.વ.૨૫ રહે.મકાન નં. ૪૯, રામદેવનગર સોસાયટી, નવાગામ ડીંડોલી, સુરત. મુળ ગામ–બડુવારા, થાના-બહાદુરપુર, તા.કુસોથર જી.દરભંગા (બીહાર)નાને પકડી પાડી, સદર આરોપી પાંડેસરા પો.સ્ટે. ફ્સ્ટ ગુ.ર.નં. ૧૪/૨૦૧૪ ઈ.પી.કો. ૩૦૭ મુજબ ગુનામાં લાજપોર જેલમાં સજા હેઠળ હોય આ કામના આરોપીએ સને-૨૦૧૪ ના જાન્યુઆરી મહીનામાં પાંડેસરા ગણેશનગર પાસે અંગત અદાવતમા દિપક માલીયા નામના ઈસમને ચાકુના ઘા મારી, ખુનની કોશીષ કરી, નાસી ગયેલ હતો. સદર ગુનામાં આરોપીને નામદાર કોર્ટે તા.૧૯/૦૭/૨૦૨૦ ના રોજ ૧૦(દસ) વર્ષની સખત કેદની સજા કરેલ હોય આરોપી પાકા કામના કેદી તરીકે લાજપોર મધ્યસ્થ જેલમાં સજા હેઠળ હતો. દરમ્યાન આરોપીએ તા.૨૦/૧૧/૨૦૧૯ ના રોજ તેની પત્નીની ડીલીવરી કરવા સબબ દિન-૨૧ ની પેરોલ રજા ઉપર બહાર આવેલ હોય, તેને તા.૦૮/૧૨/૨૦૧૯ ના રોજ હાજર થવાનુ હતુ પરંતુ કેદી નિયત તારીખે હાજર નહી થઈ પેરોલ જમ્પ થઈ નાસતો ફરતો હતો તે ડી.સી.બી. પો.સ્ટે. ના પોલીસ માણસોને મળેલ હકીકત આધારે પકડી પાડવામા આવેલ છે.**

ગુનાહીત ઈતિહાસ:-(૧)સચીન પો.સ્ટે.ફ્સ્ટ ગુ.ર.નં.૩૯/૨૦૧૯ ઈ.પી.કો.ક.૩૦૨,૩૨૩,૧૨૦(બી),૧૧૪ મુજબના ગુનામાં જ્યુડીશીયલ કસ્ટડીમા લાજપોર જેલમા છે(૨)ડિંડોલી પો.સ્ટે.ફ્સ્ટ ગુ.ર.નં. ૮૭/૨૦૧૪ ઈ.પી.કો.ક.૩૦૨,૩૦૭,૩૨૩,૩૨૬,૩૪,૫૦૪ જી.પી.એ.ક.૧૩૫મુજબનાગુનામાપકડાયેલહતો.